# વિજ્ઞપ્તિ

સુજ્ઞ વાચકમિત્રો,

અત્યંત લાંબા વિરામ બાદ `અર્થાત્' ને આપની સમક્ષ લાવી રહ્યા છીએ. અને તે પણ ઓનલાઈન સ્વરૂપે. લાંબા અંતરાલ વિરામના અનેક કારણો છે. કોરોના મહામારીએ ઘણી વિદ્યાકીય - અન્ય પ્રવૃત્તિઓને ઠપ્પ કરી દીધી હતી. પરંતુ `અર્થાત્' માટે તે સિવાય મુખ્ય કારણ નાણાંકીય વિટંબણા સંબંધિત રહ્યું. આપને કદાચ સુવિદિત હશે તેમ છેલ્લા ચાર દાયકાથી લગભગ નિયમિતપણે પ્રકટ થતું `અર્થાત્' લવાજમ - નિર્ભર જર્નલ કદાપિ રહી નથી. લવાજમ માત્ર ટોકન-રૂપ હતું કે જેથી વાચકની જર્નલ પરત્વે તાદાત્મ્યતા રહે. ટાંચા નાણાંકીય સાધનો છતાં સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત તેના સ્વના ભંડોળમાંથી જર્નલ સંબંધિત થતી નાણાંકીય ખર્ચને પહોંચી વળવાની કોશિષ કરતું. કેમ કે જર્નલનો હેતુ સમાજવિજ્ઞાનની તેમ જ અન્ય વૈચારિક, દાર્શનિક વિષયો પરની વાચન સામગ્રી ગુજરાતી વાચક વર્ગને પૂરી પાડવાનો રહ્યો છે. પરંતુ છેલ્લા 5-6 વર્ષથી વિભિન્ન કારણોસર સંસ્થા નાણાંકીય કટોકટીનો સામનો કરી રહી હોવાને કારણે `અર્થાત્' ના પ્રકાશન પર પણ વિઘાતક અસર થઈ છે. પરંતુ સંસ્થાની ફેકલ્ટી, બોર્ડના સદસ્યો અને અન્ય સભ્યો નિર્ધારપૂર્વક `અર્થાત્'ની યાત્રાને થંભાવવાનું કદાપિ વિચાર્યું નથી. `અર્થાત્' પુનઃ મુદ્રિત સ્વરૂપે પ્રકટે એ માટે નાગરિક સમાજના પીઠબળ, ખાસ તો, નાણાંકીય ટેકાની તાતી આવશ્યકતા છે. હાલ તો આ ઓનલાઈન આવૃત્તિ આપની સમક્ષ લાંબા અંતરાલ બાદ પ્રકટ કરી રહ્યાં છીએ. આપના સૂચનો, મંતવ્યો માટે આવકાર. પુનઃ એક વાર સહાયની ધા નાંખી `અર્થાત્' ના વાચનવિશ્વમાં આવકારીએ છીએ.

સત્યકામ જોષી
કાર્યકારી નિયામક
સેન્ટર ફોર સોશિયલ સ્ટડીઝ, સુરત

કિરણ દેસાઈ
તંત્રી, `અર્થાત્'

RNI Registration No. GUJGUJ/2010/36558, ISSN: 2319-653X

સેન્ટર ફોર સોશિયલ સ્ટડિઝનું ત્રૈમાસિક

# અર્થાત્

જાન્યુઆરી-માર્ચ અને એપ્રિલ-જૂન, **2022** ગ્રંથ **5** અંક **1-2**

સમાવિષ્ટ લેખો


- **પ્રો. એ.એમ. શાહને આદરાંજલિ**

  પ્રવિણ જે. પટેલ • કિરણ દેસાઇ

- **નેહરુઃ એક બહુપરિમાણી રાજનૈતિક-બૌધ્ધિક વ્યકિતત્વના પૂર્વ-સ્વતંત્રતા અવધિ અને સ્વાતંત્ર્યોત્તર સમયના વિચારો-કર્મોને સમજવાનો યત્ન કરતા**

  કિરણ દેસાઇ

- **વેડછી આંદોલન અને નક્ષલવાદ**

  સત્યકામ જોષી

- **ભારતીય અર્થતંત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા**

  મંજુલા લક્ષ્મણ

- **નાગરિક સેવાઓ અને શહેરી વહીવટી સંચાલન પ્રણાલીઃ સુરત શહેરની સમીક્ષા**

  વિમલ ત્રિવેદી

- **સમીક્ષા લેખઃ એક મૂર્ધન્ય સમાજવિજ્ઞાની, પ્રો. એ એમ શાહના સમાજશાસ્ત્રીય પરિપ્રેક્ષ્યની ભીતરમાં**

  કિરણ દેસાઇ

- પુસ્તક પરિચય

## <u>મુખ્ય લેખોનું સંક્ષેપીકરણ</u>

# નેહરુ: એક બહુપરિમાણી રાજનૈતિક-બૌધ્ધિક વ્યક્તિત્વના પૂર્વ-સ્વતંત્રતા અવધિ અને સ્વાતંત્ર્યોત્તર સમયના વિચારો-કર્મોને સમજવાનો યત્ન કરતા

**કિરણ દેસાઇ**

*સ્વતંત્ર ભારતના પ્રથમ પ્રધાનમંત્રી શ્રી. જવાહરલાલ નેહરુની 125મી જન્મતિથિ નિમિત્તે આલેખિત આ દીર્ઘ-લેખમાં નેહરુના વિચારો અને કર્મોને સમજવાની કોશિષ થઇ છે. સ્વતંત્રતા હાંસિલ કર્યા બાદ દેશની નવરચનાનું સ્વરૂપ અને દિશા તય કરવામાં નેહરુની ભૂમિકા કેન્દ્રસ્થ રહી. લેખમાં શ્રમજીવીઓ સંદર્ભે સ્વાતંત્ર્ય ચળવળ દરમિયાન નેહરુની વૈચારિક ભૂમિકા તેમ જ આઝાદ ભારતના પ્રધાનમંત્રીરૂપે તે અંગે તેમના દ્રષ્ટિકોણ વચ્ચેના અંતર અંગે વિમર્શ કરાયો છે. નેહરુ શાસનકાળ દરમિયાન આકાર પામેલ દેશના વિકાસ પ્રતિમાનની સિધ્ધિ અને વિફળતા અને તે માટે જવાબદાર પરિબળો વિશે પણ ચર્ચા થઇ છે. ઐહિકવાદના પ્રખર હિમાયતી અને દૂરંદેશી નેહરુ દ્વારા સ્થાપિત સંસ્થાનો ઉપરાંત સમગ્રપણે નેહરુના પ્રદાનને વખોડવાની, ભૂંસવાની અને અભડાવવાના પ્રવર્તમાન સમયમાં થઇ રહેલ બદપ્રયાસો પણ લેખ આવરે છે.*

# ભારતીય અર્થતંત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ભૂમિકા

**મંજુલા લક્ષ્મણ**

**ટૂંકસાર**

*ધાર્મિક મૂલ્યોમાંથી નિષ્પન્ન થતા સેવા, દાન અને પરોપકારી પ્રવૃત્તિના વ્યાપનું સંસ્થાકીય સ્થાપન બિનસરકારી/સ્વૈચ્છિક સંસ્થાના સ્વરૂપે થયું છે. ભારતમાં સ્વૈચ્છિક સંસ્થાઓમાંથી બિનસરકારી સંસ્થાઓમાં રૂપાંતર સાથે તેનાં વ્યાપ અને કાર્યક્ષેત્રમાં નોંધપાત્ર વધારો થયો છે. દેશમાં પ્રતિ 600 નાગરિકે એક સ્વૈચ્છિક સંસ્થા જોવા મળે છે . 2008માં ભારત સરકાર દ્વારા રાષ્ટ્રીય સ્તરે સ્વૈચ્છિક સંસ્થાઓની મોજણી કરવામાં આવી હતી જેનો હેવાલ 2012માં જાહેર થયો હતો, તે મુજબ દેશમાં 31.74 લાખ સ્વૈચ્છિક સંસ્થાઓ છે જે વિવિધ સ્વરૂપે આર્થિક યોગદાન આપે છે. ભારતીય અર્થતંત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓનું કદ અને કાર્યક્ષેત્ર વિસ્તર્યું છે, પરંતુ વિકસિત રાષ્ટ્રોની સ્વૈચ્છિક સંસ્થાઓની સરખામણીમાં 'આર્થિક ક્ષેત્રે' વિશેષરૂપે રાષ્ટ્રીય આવક અને રોજગારીમાં તેમનું સમગ્રપણે યોગદાન ખૂબ જ નીચું છે. જોન હોપકિન્સ યુનિવર્સિટી દ્વારા વિશ્વના દેશોમાં સ્વૈચ્છિક સંસ્થાઓની ક્ષમતા, ટકાઉપણું અને પ્રભાવ એવા ત્રણ પરિમાણોનાં સંયુક્ત આંકના આધારે 'વૈશ્વિક નાગરિક સમાજ આંક'ની રચના કરી છે, તે સંદર્ભે કુલ 34 દેશોમાંથી ભારતને 29 ક્રમાંક પ્રાપ્ત થયો હતો. જે સૂચવે છે કે, વિકસતાં ભારતીય અર્થતંત્રમાં સ્વૈચ્છિક સંસ્થાઓનો વ્યાપ બહોળો છે પરંતુ ક્ષમતા, ટકાઉપણું અને પ્રભાવના સંદર્ભે ઘણું કરવાનું બાકી છે.*

# વેડછી આંદોલન અને નક્ષલવાદ

**સત્યકામ જોષી**

*આજથી 100 વર્ષ પૂર્વે દક્ષિણ ગુજરાતના આદિવાસી બહુલ વિસ્તારમાં સાબરમતી આશ્રમથી આવેલ ગાંધીજીના વિચારને સમર્પિત એવા ત્રણ સેવાના ભેખધારીઓ બારડોલી ગામે આવ્યા. અને ત્યાંથી સમગ્ર દક્ષિણ ગુજરાતમાં વસતા પીડિત-શોષિત તેમજ અત્યંત દારુણ આર્થિક ગરીબીમાં રહેતા એવા આદિવાસીઓમાં નવજાગૃતિનો નવો ઉન્મેશ લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી એવા પૂજ્ય ચુનીભાઈ મહેતા, નરહરિભાઈ પરીખ અને જુગતરામભાઈ દવે દ્વારા શરૂ કરાયેલું વેડછી આંદોલન અને તેના કારણે આવેલાં સામાજિક-આર્થિક-રાજકીય અને સાંસ્કૃતિક પરિવર્તનો અંગેની વાત પ્રસ્તુત લેખમાં કરવામાં આવી છે. ખાસ કરીને ગુજરાત સિવાયનાં આદિવાસી બહુલ રાજ્યો જેવાં કે ઓરિસ્સા, આંધ્રપ્રદેશ, મહારાષ્ટ્ર, ઝારખંડ, છત્તીસગઢ વગેરેમાં હિંસાના પાયા પર ચાલતા નક્ષલવાદી આંદોલનના પરિપ્રેક્ષ્યમાં વેડછી આંદોલનને મૂલવીને આ આંદોલનના સામાજિક-આર્થિક સુચિતાર્થો તરફ અંગુલિનિર્દેશ કરવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે.*

# નાગરિક સેવાઓ અને શહેરી વહીવટી સંચાલન પ્રણાલીઃ
# સુરત શહેરની સમીક્ષા

**વિમલ ત્રિવેદી**

*આ અભ્યાસ-લેખ સુરત શહેરના રહીશો, ખાસ કરીને મધ્યમ તેમ જ નિમ્ન આવક ધરાવતા સમૂહોને વાસ્તવમાં પૂરી પાડવામાં આવતી નાગરિક સેવાઓના વ્યવસ્થા-તંત્રને બારીકાઈથી તપાસે છે. આ સુરત મહાનગરપાલિકા(સુમનપા) દ્વારા પૂરી પડાતી વિવિધ નાગરિક સેવાઓને અનુલક્ષીને મૂલ્યાંકનના હેતુસર વિશેષરૂપે રહીશોના અભિપ્રાય અને દ્રષ્ટિકોણ જાણવા અર્થે પ્રયોજવામાં આવેલ સર્વેક્ષણમાંથી પ્રાપ્ત માહિતીના વિશ્લેષણને આધારે પ્રસ્તુત લેખે આકાર લીધો છે. અભ્યાસના મુખ્ય તારણો દર્શાવે છે કે, લગભગ 60% રહીશો સુમનપાની રોશજદી નાગરિક સેવાઓ જેવી કે સફાઈ-વ્યવસ્થા, ઘન-કચરા નિકાલ-વ્યવસ્થા, જાહેર જન-સ્વાસ્થ્ય અને શિક્ષણ અંગેની સુવિધાઓલક્ષી વ્યવસ્થાઓ બાબતે સંતુષ્ટ હતા. સાથે અભ્યાસમાં એમ પણ નોંધવામાં આવ્યું છે કે, નિમ્ન આવક ધરાવતી વસાહતોના ઘણા રહીશોએ ખાસ કરીને સ્વાસ્થ્ય સંબંધી, જાહેર પરિવહન-વ્યવસ્થા, પીવાના પાણી અને સફાઈ-વ્યવસ્થા કે પછી આવશ્યક જીવન જરૂરિયાત ચીજોનું વિતરણ કરતી જાહેર દુકાનો સંબંધે પોતાનો અસંતોષ વ્યક્ત કર્યો હતો. આ અભ્યાસનો એક મહત્ત્વનો નિષ્કર્ષ એ છે કે નાગરિક સેવાઓ પૂરી પાડવા સંબંધિત જે તે વિસ્તારના સ્થાનિક મુદ્દાઓ અંગેની ચર્ચા અને તદ્‌સંબંધિત નીતિઓ ઘડવાની અને નિર્ણયો લેવાની પ્રક્રિયાઓમાં સુરત શહેરના નાગરિક સમાજની સહભાગિતા બહુ અલ્પ જણાઈ. સુમનપાના અધિકારીઓ તરફથી આનું કારણ એ દર્શાવવામાં આવ્યું કે નાગરિકોનું વલણ તે તરફ ખૂબ જ નકારાત્મક જોવા મળે છે. અમારી ક્ષેત્રીય મુલાકાતોમાં એવું પણ જાણવા મળ્યું કે રહીશોના મોટા સમૂહને નાગરિક સેવા સંબંધિત નીતિગત નિર્ણયો વિષયે અત્યંત મર્યાદિત જાણકારી હતી. તો, મોટા ભાગના રહીશો સુરત મહાનગરપાલિકામાં તેમના વિસ્તારના પ્રતિનિધિઓની તેમના પ્રશ્નો-સમસ્યાઓના નિરાકરણ સંબંધિત સક્રિયતાથી પણ સંતુષ્ટ ન હતા.*

## સમીક્ષા લેખ

# મૂર્ધન્ય સમાજવિજ્ઞાનીના પરિપ્રેક્ષ્યની ભીતરમાં*

**કિરણ દેસાઇ**

*દેશના મૂર્ધન્ય સમાજશાસ્ત્રી પ્રો. અરવિંદભાઈ શાહનું 2020માં દુઃખદ નિધન થયું. તેમણે ભારતીય સમાજની વિભિન્ન સંસ્થાઓ તેમ જ લાક્ષણિકતાઓ અને પ્રક્રિયાઓ અંગે ઊંડું સંશોધન કરવા ઉપરાંત વિપુલ પ્રમાણમાં પુસ્તકો અને લેખોરૂપે આલેખન પણ કર્યું. તેમના કેટલાંક મહત્ત્વના લેખોના ગુજરાતી અનુવાદોનો સંચય 2019માં પ્રકટ થયો. આ લેખો પ્રો.શાહ દ્વારા સંશોધનકીય ખેડાણ પામેલ તેમના રસના વિષયોને આવરે છે. જેમાં, કુટુંબ, વિભાજન અને ઊંચનીચ ક્રમ, અસ્પૃશ્યતા અને ઉચ્ચ શિક્ષણનો સમાવેશ થયો છે. તેમના સમકાલીન, મિત્ર અને જાણીતા સમાજશાસ્ત્રી આઇ.પી. દેસાઇ સંબંધિત લેખ પણ પુસ્તકમાં સમાવાયો છે. પ્રસ્તુત સમીક્ષા લેખ પુસ્તકનો દીર્ઘ પરિચય આપવાની સાથે પ્રો.શાહના અવલોકનોની વિનમ્રપણે સમાલોચના કરે છે.*

* આપણો સમાજ: સમાજશાસ્ત્રના પરિપ્રેક્ષયમાં
લેખક: એ.એમ. શાહ
સાર્થક પ્રકાશન, અમદાવાદ, 2019. મૂલ્ય: રૂ.170/-, પૃષ્ઠ: 173.

નોંધઃ સવિનયપણે દર્શાવવાનું કે સમગ્ર અંક 10 દિનમાં વેબસાઈટ પર પ્રાપ્ય થશે.